# સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
ફોન : ૨૩૨૨૬૨૫૧

## સલામી સવારની..

તાંત્રિકને, ભગવાનની થાય છે ગેરસમજ!
ચોકીદારને માલિકની થાય છે ગેરસમજ!
થાય છે ગેરસમજ હવા ચગેલા પતંગને -
હાજી-હા ના ચમચાઓથી થાય છે ગેરસમજ-!!

## હાઈકુ

કાળાં નાણાનો -
- રેલીઓમાં રેલાય,
પીળો પ્રભાવ

કાગારોળમાં
સાંભળતું ન કોઇ -
રડે કોયલ!

## ચિંતન

*દંતી-દંત સમાનં હિ નઃ સંતં મહતાં વચઃ । કૂર્મ-ગ્રીવેવ નીચાનાં પુનરાયાતિ યાતિયા ॥*

'મહાપુરૂષ-સંત-સજ્જન લોકોનું વચન-વાક્ય શબ્દ હાથીના દાંત જેવાં છે જે એક વાર બહાર નીકળ્યા પછી ફરી પાછું અંદર જતું નથી, પરંતુ દુષ્ટ નીચ, દુર્જન માણસનું વચન કાચબાની જોક જેવું છે એક વખત બહાર આવ્યા પછી પાછું અંદર ચાલ્યું જાય છે, જેમ આજના નેતાઓ નિવેદન કરી શબ્દો પાછા ખેંચી લે છે.'

આજના નેતાશ્રીઓ હજારોની મેદનીમાં બોલ્યા હોય છતાં બીજી જ પળે ફેરવી તોડે છે અને મારા શબ્દોનું અર્થઘટન 'મિડિયા' એ ખોટું કર્યું છે કે સંદર્ભ વિના ચગાવી માર્યો છે કહી નામુકર થઇ જાય છે. શબ્દો પાછા ખેંચવાની વ્યવસ્થા તો ભગવાને રાખી જ નથી છતાં આ મહાશયો એવી પણ તાકત ધરાવે છે.

સાચા-સજ્જન-સંત લોકો એકવાર બોલે-વચન આપે તે પાળી બતાવે છે અહીં શ્લોકમાં એને હાથીના દાંત સાથે સરખાવ્યાં છે જે એકવાર બહાર આવ્યા પછી પાછા અંદર જતા નથી. દુષ્ટોના વચન (દાંત) ચોકઠાં જેવા છે ચાવવાની ગરજ પતી કે પાછા ડબ્બીમાં મૂકી દેવાય!

જૂઠ્ઠા માણસના વચનને કાચબાની ડોક સાથે સરખાવ્યા છે. 'હું આમ બોલ્યો જ નથી' કહી કાચબો ડોક અંદર ખેંચી લે એમ આવા લોકો શબ્દો-જીભ અંદર ખેચી લે છે.

## સુવિચાર

- પહેલા સમાજ લોટ જેવો હતો, પાણી નાખતાં જ ભેગો થઇ જતો, આજે રેતી જેવો છે, લોકો પૈસા પાછળ પડ્યા છે - *સરદાર પટેલ*
- તમે સુખી હો છતાં તમને તમારા સુખનું કારણ ખબર ન હોય તો માની લેજો કે તમે ખરેખર સુધી છો - *ગ્રેન કથન*
- પહેલા પાપ કરીને પ્રાયશ્ચિત કરવું એ, કિચડમાં પગ નાખી ને ધોવા જેવું છે- *અરબી કહેવત*
- જયારે કોઇ પણ પરિસ્થિતિ નિર્માણની અવસ્થામાં હોય અને પ્રતિપળ બદલાઇ રહી હોય ત્યારે એ અંગેનો ચોક્કસ અભિપ્રાય આપવાથી દૂર રહેવું જોઇએ - *સમયસૂત્ર*
- ભગવાનનું ઘર મંદિર, મસ્જિદ, ચર્ચ કે ગુરૂદ્વારાની ઊંચી ઇમારતો નથી, પરંતુ એ નરનારીઓનાં હ્દયમાં છે. જેમાં દયા, પ્રેમ, કરૂણા તથા લોકકલ્યાણની તડપ છે - *વર્ગીસ કુરીયન*
- દવાની સીધી અસર જો રોગ પર છે, તો ધર્મની સીધી અસર દોષ પર છે, રોગ મટાડે દવા અને દોષ મટાડે તે ધર્મ - *જૈનસૂત્ર*
- કેવળ શ્વાસ લેવાથી જીવન ચાલતું નથી, શ્વાસને ઉચ્છવાસ રૂપે બહાર પણ કાઢવો પડે છે તેમ સંપત્તિ પ્રાપ્ત કરવાની ન ચાલે, દાનરૂપે આપવી પણ પડે - *જૈનસૂત્ર*

*(સંકલન : દીપક વી.આસરા)*

## બોધ કથા

આપણે આપણા નિકટના સગાં-સ્નેહી-સંબંધી માટે કે આડોશ-પાડોશ માટે પણ કંઇ બાંધછોડ નથી કરી શકતાં તો એમના માટે ત્યાગ-સેવા-સમર્પણતો કયાંથી થાય?

સ્વામિ વિવેકાનંદના માતૃશ્રી ખૂબ જ સેવાભાવી હતા. એમની પડોશમાં રહેતા એ બહેન બિમાર પડ્યા. પથારીમાંથી બેઠાં થઇ શકે એવી પણ પરિસ્થિતિ ન હતી પતિ તેની સારવાર અને દવાદારૂમાં જ વ્યસ્ત રહેતો હતો. વિવેકાનંદજીના માતાજી તો સેવાભાવી હતા એમને ત્યાં રસોઇ કરી તેના બાળકો અને પતિને જમાડી આવતાં હતા. એના પહેલા ઘરની રસોઇ પતાવી લેતાં હતા...

વિવેકાનંદજી માતા કરતાં પણ વધારે સેવાભાવી અને હકારાત્મક રીતે વિચારતા હતા. તેમને નોંધ્યું કે પહેલાં માતાજી ઘરની રસોઇ પતાવીને જ પડોશમાં રસોઇ કરવા જાય છે એ એમને ગમ્યું નહીં. અજુગતું લાગ્યું. તેથી માતાને કહ્યું, મા, તમે પહેલાં ઘરની રસોઇની ચિંતા કરો છો અને પછી જ પડોશીને ત્યાં રસોઇ કરવા જાવ તો એ બરાબર નથી. પહેલા...

માતાજી અધવચ્ચે જ બોલ્યા બેટા તને અને મને ઠંડુ ખાવા મળે એમાં વાંધો નહીં પણ માસી બિમાર છે એને તાજી અને ગરમ ગરમ રસોઇ મળે એટલે એમને જગાડીને જ આવું છું..

વિવેકાનંદજીએ માની ઉમદા ભાવનાને મનોમન વંદન કર્યા.

Email - sureshchandrabhatt18@gmail.com

# આધુનિક પરિપ્રેક્ષ્યમાં વૈદિક જ્ઞાન-વિજ્ઞાનનો પરિચય કરાવતો ગ્રંથ

## શબ્દ સમીપે

*- નટવર હેડાઉ*

વેદ અને પ્રાચીન ભારતીય ગ્રંથો સ્વયં ઇશ્વરત્વ, સૃષ્ટિ, સમાજ, સંસ્કૃતિ, વિજ્ઞાન અને શિક્ષણ સંબંધી ગહન જ્ઞાનનો ભંડાર છે. એમાં સૃષ્ટિની રચનાથી માંડી ને વિભિન્ન વૈજ્ઞાનિક, આધ્યાત્મિક અને સામાજિક વિષયોનું વિસ્તૃત વિવેચન કરાયું છે એમાં એવા ઘણાં વૈજ્ઞાનિક તર્કો અને આવિષ્કારોનો પણ ઉલ્લેખ મળે છે જેનું જ્ઞાન અન્ય દેશોમાં હજારો વર્ષો સુધી ન હતું. વેદોને જ્ઞાન-વિજ્ઞાનનો સાર માનવામાં આવે છે. રાજનીતિ, સમાજ, વિજ્ઞાન, કૃષિ, જયોતિષ, ચિકિત્સા, કળા કોઇ વિષયને તમે તેમાંથી બાકાત રાખી ન શકો. ભારતના અન્ય પ્રાચીન ગ્રંથો જોવા કે ઉપનિષદો, પુરાણો વિગેરેમાં પણ જીવનનાં તમામ પાસાઓ પર ગૂઢ અને વિસ્તૃત જ્ઞાન છે. વૈદિક યુગમાં લોકો જ્ઞાનના આ અનુપમ ભંડારમાંથી માર્ગદર્શન મેળવતા હતા. એટલા માટે દરેક દૃષ્ટિએ સમૃદ્ધ અને સંપન્ન એ યુગ હતો. એક લાંબા સંક્રમણકાળ પછી આજે ફરી એકવાર આપણો લગાવ આ પ્રાચીન પરંતુ અત્યંત તાર્કિક અને વૈજ્ઞાનિક ગ્રંથો તરફ થઇ રહ્યો છે. આજે વિદેશી લોકો પણ ભારતીય વેદો અને અન્ય પ્રાચીન ગ્રંથો તરફ આકર્ષિત થઇ રહ્યા છે અને આ ગ્રંથોમાં વિભિન્ન ભાષાઓમાં અનુવાદ થઇ રહ્યા છે. ત્યારે આજે મારે તમને વેદોમાં આલેખાયેલાં સૂક્ષ્મ અને ગૂઢ જ્ઞાનને આધુનિક પરિપેક્ષ્યમાં પ્રસ્તુત કરતા ગ્રંથની વાત કરવી છે.

'વૈદિક જ્ઞાન-વિજ્ઞઆન કોશ' વૈદિક જ્ઞાનના વિદ્વાનો અને સંસ્કૃતિ વિશેષતા એ મહત્ત્વનું યોગદાન અને સહયોગ આપીને તૈયાર કર્યો છે. જેના સંપાદક ડો. મનોદત્ત પાઠક અને તેનો ગુજરાતી અનુવાદ હરેશ ધોળકીયા દ્વારા કરવામાં આવ્યો છે. કુલ-૨૪ પ્રકરણોમાં ફેલાયેલા આ ગ્રંથમાંથી પસાર થતા વિવિધ વિષયોનાં વિદ્વાનો દ્વારા પ્રાપ્ત વિહતાપૂર્ણ લેખોથી આ ગ્રંથ ખુબ જ સમૃદ્ધ બન્યો છે અને આધુનિક પરિપેક્ષ્યમાં તેની મહત્તાં જોતાં અણમોલ ગ્રંથ બની રહ્યો છે. આ જ્ઞાન-વિજ્ઞાનોનાં આધારે ભારતીય જનતામાં સર્જનશીલતા, શાંતિ અને સમન્વય બની રહ્યાં જેના પરિણામ સ્વરૂપે આધ્યાત્મક, કલા, વિજ્ઞાન, શિક્ષણ, વ્યાપાર વગેરેમાં અતિ પ્રભાવકારી નિત્યનૂતનતા આવતી રહી હતી. આજે આ હેતુની પૂર્તિ માટે આ ગ્રંથ આપણા પ્રાચીન જ્ઞાનગ્રંથોના વિસ્તૃત સારાંશને સરળ અને સુબોધ ભાષામાં પ્રસ્તુત કરે છે. કારણ કે ઉચ્ચ સ્તરના માન્યતા પ્રાપ્ત વૈજ્ઞાનિકો, વેદ વિશેષજ્ઞો અને સંસ્કૃતના વિદ્વાનો દ્વારા લખાયેલા આ ગ્રંથ વૈદિક જ્ઞાન-વિજ્ઞાનના બધા વિષયોનો વિસ્તૃત સારાંશ રજૂ કરે છે. બધા વિષયો પર પારંવારિક, આધ્યાત્મિક અને આધુનિક, વૈજ્ઞાનિક, દૃષ્ટિકોણ, પ્રાચ્ય અને પાશ્ચાત્ય વિચારોને સ્પષ્ટ કરીને તેના સમન્વય કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે.




વૈદિક વાઙ્મય ખૂબ વિશાય છે. વેદ-વિદાંગો, પુરાણો ઉપનિષદો, બ્રાહ્મણ અને આરણ્ય ગ્રંથો, સ્મૃતિઓ, વિભિન્ન શાસ્ત્રો વગેરેની સંખ્યા સેંકડોમાં છે આ બધા ગ્રંથોની પૃષ્ઠ સંખ્યા લગભગ ત્રીજ હજાર છે. જેને આ પુસ્તકમાં ૬૦૦ પાનામાં પ્રસ્તુત કરવામાં આવેલ છે. આ પુસ્તક સામાન્ય અને વિશિષ્ય બંને વર્ગમાં પાઠકોને વૈદિક વાઙ્મયમાં નિહિત બૌદ્ધિક, વૈજ્ઞાનિક, આધ્યાત્મિક વગેરે જ્ઞાનથી અવગત કરે છે.

ગ્રંથનો પ્રારંભ વેદના આદિનાદ-પ્રણવ 'ઓમકાર' એ પ્રસિદ્ધ ગાયત્રી મંત્ર તથા મહામૃત્યુંજય મંત્ર વિવેચનથી થાય છે. અહીં બ્રહ્માંડ, પર્યાવરણ અને જીવોત્પત્તિની ચર્ચા વૈજ્ઞાનિક દૃષ્ટિથી થઇ છે. તે સાથે જ જ્ઞાનના વિવિધ ક્ષેત્રો- સામાજિક, વૈજ્ઞાનિક, આધ્યાત્મિક, સાહિત્ય, શિલ્પ, કલા, જયોતિષ, જન્મ, મૃત્યુ, મૃત્યુ પછીની સ્થિતિ વિગેરેનું વર્ણન સરળ ભાષામાં રજૂ થયું છે.

ઋગ્વેદના તમામ મંડળોના ઋષિ, સૂક્ત સંખ્યા મંત્ર સંખ્યા આપીને સંવાદ સૂક્તો, પુરૂષ સૂક્તો, નાસદીપસૂક્, હિરણ્યગર્ભસૂક્ત, આપ્રીસૂક્ત, અક્ષસૂક્ત, સંજ્ઞાન તથા શ્રદ્ધાસૂક્ત વગેરેના વિસ્તૃત માહિતી આપી છે.

યજુર્વેદમાં વર્ણવાયેલા વિવિધ યજ્ઞો, અગ્નિહોમ, અશ્વમેઘ, વાજપેય, સૌત્રામણી વગેરેની ચર્ચામાં રાષ્ટ્રીય ભાવના વિશ્વબંધુત્વ, કર્તવ્ય બોધ, માતૃભૂમિ સન્માન પરમાત્માની ઉપાસના જેવા વિચારો વ્યક્ત થયા છે. સામવેદમાં યાસીયગાન મંત્રોમનો સંગ્રહ છે. જેમાં આપણા ગીત-સંગીતનું મૂળ પડેલું છે.

અથર્વવેદને 'બ્રહ્મવેદ' તરીકે ઓળખાવીને આત્મવિદ્યા જયોતિ, મન્યુ, ગૌ: વગેરે આયુર્વેદના વિષયો વર્ણવ્યા છે. ઉપરાંત આયુર્વિજ્ઞાન, ભેષજય, સૂર્ય કિરણોથી ચિકિત્સા, જળ ચિકિત્સા અગ્નિ ચિકિત્સા, પ્રાણાયામ, મનોચિકિત્સા, જયોતિજ્ઞાન, નક્ષત્રો, શરીર વિજ્ઞાનના અંગો, સંધિસ્થાનો, અસ્થિ, ધમતિ વગેરેનો ઉલ્લેખ છે. તો સાથે સાથે રસાયણ વિજ્ઞાનમાં જળ, વૃક્ષોની લીલોતરી, વૃક્ષ વિકાસ માટે સૂર્ય-ચંદ્રનું મહત્ત્વ, ઔષધિ તથા તેનાથી મળતી શક્તિનો ઉલ્લેખ છે. અહીં વ્યક્તિ, કુટુંબ, સમાજ, રાષ્ટ્રના તંદુરસ્ત સમાજનું ચિત્ર પ્રાપ્ત થાય છે.

બ્રાહ્મણ ગ્રંથોમાં યજ્ઞની વિધિ, મુર્હૂત નિર્ધારણ, યજ્ઞ કર્મના સાધનો, યજ્ઞના અવરોધો વગેરેનું વર્ણન છે. આરણ્યક ગ્રંથોની રચના અરણ્યના શાંત વાતાવરણમાં થઇ છે. ઉપનિષદો વૈદિક સાહિત્યના નભો મંડળનાં તેજસ્વી નક્ષત્રો છે. જેનો પ્રકાશ વિશ્વભરમાં પથરાવ છે. વેદોના વિકાસ ક્રમમાં અનેક ગ્રંથોની રચના થઇ છે. જેમાં જ્ઞાનવિજ્ઞાનનો સમન્વય થયેલો જોવા મળે છે.

વૈદિક ગ્રંથો, ધર્મશાસ્ત્રોની વિગતોને સંશોધનની એરણ પર ચઢાવીને તેને વૈજ્ઞાનિક સંદર્ભે રજૂઆત કરવા, મૃત્યુના અનુભવમાંથી પસાર થયેલો લોકો પર થયેલાં ગંભીર-સંશોધનો તથા તથ્યો અહીં રજૂ થયાં છે.

વૈદિક સાહિત્યની વિકાસ ધારામાં પુરાણો, ઇતિહાસ, જયોતિષ, ગણિત, મહાકાવ્યો વગેરેની પણ ચર્ચા હાથ ધરી છે. વાલ્મિકી રામાયણમાં કવિની કાવ્યમય ધારામાં માનવ જીવનમાં અનેક આદર્શો, ઇશ્વરભક્તિ, કુટુંબપ્રેમ, સ્ત્રી સન્માનની ભાવના, વિજ્ઞાન, કલા, શિલ્પની વિકાસગાથા અહીં જોવા મળે છે. રામાયણ સંસ્કૃત કવિઓ માટે પ્રેરણાસ્ત્રોત બની રહે છે. વ્યાસ રચિત મહાકાવ્ય મહાભારત ધર્મશાસ્ત્ર ઇતિહાસ, રાજનીતિ, જ્ઞાન વિજ્ઞાનનો અદ્વિતીય ગ્રંથ છે. મહાભારતની વચ્ચે વહેતી ગીતા જ્ઞાન ગંગામાં સ્નાન કરીને સાધક શાંતિ પામે છે. પુરાણોમાં સૃષ્ટિસર્જન, માનવ, દેવ, રાગી, ધર્મદર્શન, આચારવિચાર વગેરે રજૂ કરતી મનોહર કથાઓનો પ્રવાહ વહેતો હોવાને કારણે તેને પાંચમો વેદ કહેવામાં આવે છે. વ્યાસમુનિને વાયુ, પદ્મ, વિષ્ણુ, દેવી વગેરે પુરાણોની રચના કરી તેમાં ભાગવત પુરાણ પ્રસિદ્ધિ પામ્યું છે.

મીમાંસા દર્શન પરમતત્ત્વનો વિચાર, કર્મનો સિદ્ધાંત, પ્રમાણ ચર્ચા, ઇશ્વરવાદ, યજ્ઞીય ભાવના, ત્યાગ, તપ, મોક્ષ પર ચર્ચા હાથ ધરે છે. કર્મ મીમાંસા તથા જ્ઞાન મીમાંસા વેદના મુખ્ય બે વિભાગો કર્મ-જ્ઞાનને વિસ્તૃત સ્તરે લઇ જાય છે. ન્યાય દર્શનમાં મુખ્યત્વે પ્રમાણ ચર્ચા જયારે વૈશેષિક દર્શનમાં 'વિશેષ' તત્ત્વની ચર્ચા છે. 'યોગ' દર્શનમાં જીવાત્મા અને પરમાત્માનો સંબંધ સ્થાપિત કરવાનો પ્રયાસ છે. પાતંજલયોગ દર્શનમાં પતંજલિએ યોગ સંબંધીત વેરવિખેર વિચારોને સુત્રબદ્ધ કર્યા છે. સાધનાની ભૂમિકાનાં ક્રમાનુસાર મંત્રયોગ, લયયોગ, હઠયોગ, રાજયોગ એમ યોગના ચાર પ્રકારો પાડવામાં આવે છે.

પ્રસ્તુત ગ્રંથમાં વૈદિક વિકાસ સાથે ક્રમાનુસાર ભારતના ઇતિહાસના વિકાસગાથા પર આપવામાં આવી છે. જેમાં ઇતિહાસમાં મગધ સામ્રાજય, હર્ષકવંશ, નંદવંશ, યુનાની આક્રમણ, સિકંદર પુરુરાજાનું યુદ્ધ, મૌર્યવંશના ચિત્રગુપ્તની વીરતા, ચાણક્યની કુટનીતિ, પરિવર્તીત થયેલા હૃદયવાલા રાજા અશોકનું વર્ણન, શૃંગવંશ, આંધ્ર, જ્ઞાતવાહન, શતકર્ણિ, કનિષ્ટ, કુષાણોનું મહત્ત્વ, પ્રભાકર વર્ધન વગેરેના રાજય શાસનનું વર્ણન આવે છે.

આ પુસ્તક સામાન્ય સ્તરે સંપૂર્ણ માનવતાને ખાસ કરીને ભારતીય જનતાને, તેની વૈદિક પરંપરાથી અવગત કરાવશે અને આધુનિક જનસમુદાયને સૌહાર્દ, સહયોગ, સત્યાચરણ વગેરે સદ્‌ગુણોથી સજાવીને પ્રગતિની પથ પર હંમેશા આગળ વધવા પ્રેરિત કરશે તેવી શુભભાવના સંપાદકશ્રી વ્યક્ત કરી છે. તેમાં તેમને સફળતા મળે તેવી શુભેચ્છા સાથે ગ્રંથને આવકારૂં છું.

***વૈદિક જ્ઞાન-વૈજ્ઞાનિક કોશ***
***સંપાદક - ડો. મનોદત્ત પાઠક***
***પ્રકાશક - ડિવાઇન પબ્લિકેશન્સ, ૩૦ બીજે માળ, કૃષ્ણ કોમ્પલેક્ષ, ગાંધી રોડ, અમદાવાદ-૧***
***કિંમત - ૯૦૦ રૂપિયા, પ્રથમ આવૃત્તિ-૨૦૧૪***

# સમૃદ્ધ એ વ્યક્તિ નથી કે જેની પાસે અઢળક ધન-દોલત છે, જેની પાસે કરૂણા, મમતા, મદદની ભાવના અને ઉદારતા હોય તે દુનિયાની સૌથી સમૃદ્ધ વ્યક્તિ છે, બીજાનું દુઃખ અને આપવાનું સુખ તે જ વ્યક્તિ સમજી શકે છે

## હું રસ્તે રઝળતી વારતા

*- અચના કમલેશ*

દુનિયાના મોટા મોટા ધનાઢ્ય લોકો અચાનક તેમની સંપતિ દાનમાં આપવાની વાત કરે ત્યારે ઘણાંને આશ્ચર્ય થાય તે સ્વાભાવિક છે. અઢળખ સંપત્તિ ધરાવતા આ ધનકુબેરો કેમ આવું કરતા હશે? જે સંપત્તિ મેળવવા વર્ષોના વરસ લાગ્યા હોય તેને દાનમાં આપવાનો જીવ કેવી રીતે ચાલતો હશે! બધી જ સંપત્તિ દાનમાં આપતી વખતે તેમનું મન નહિ કચવાતું હોય! આવા બધા પ્રશ્નો દરેકના મનમાં થતા હશે. ઘણા ઇર્ષાળુ લોકો એમ પણ કહેતા હશે કે તેમની પાસે છે એટલે આપે છે, તેમાં શી નવાઇ! તેનો જવાબ એટલો જ અપાય કે તમારી પાસે ભલે થોડું હોય, તેમાંથી અડધુ તો આપવાની હિંમત કરો! આખી જિંદગી કમાઇને ભેગું કર્યા પછી બીજાને બધું જ આપી દેવા માટે છત્રીસની નહિ પણ બોત્તેરની છાતી જોઇએ.

'જોય ઓપ ગિવિંગ' એટલે કે આપવાનો આનંદ. બસ, કોઇને આપવાની મળતો આ આનંદ મેળવવા માટે જ મોટા મોટા લોકો પોતાની બધી જ સંપત્તિ દાનમાં આપી દેતા હોય છે. આખી જિંદગી જે સમાજ પાસેથી મેળવ્યું હોય, તે સમાજને પાછું આપીને તેમના પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરવી જોઇએ તેવું તેમનું માનવું હોય છે. કોઇકની પાસેથી લેવાં કરતાં કોઇને આપવાનો આનંદ વધારે મોટો હોય છે. આપવું એટલે કોઇના આનંદનો પડઘો ઝીલવો, કોઇકની ખુશીમાં ભાગીદાર બનવું, કોઇકનું દુઃખ ઓછું કરવું, કોઇકનો આધાર બનવું, કદાચ આવી જ કોઇક લાગણીઓમાં આનંદ છુપાયેલો હશે. આવી જ કોઇક લાગણી બીજાને આપવા માટે પ્રેરણારૂપ બનતી હશે.

કોઇકને દાન કરવા પાછળનો હેતુ પણ ઉમદા હોવો જોઇએ. કહેવાય છે કે જમણા હાથે કરેલા દાનની ખબર ડાબા હાથને પણ ન કરવી જોઇએ. કહેવાનો અર્થ એટલો જ કે તમે જયારે કોઇકને દાન કે મદદ કરો ત્યારે તમારા મનમાં કોઇના પર ઉપકાર કર્યો હોય તેવી ભાવના કે અભિમાન ન હોવું જોઇએ. શુદ્ધ હૃદયથી કરેલું દાન જ આનંદ અને સંતોષ આપે છે. ઘણા લોકો નામ કે કીર્તિ માટે પણ દાન કરતાં હોય છે. તેમને પોતાના નામની તકતી લાગે કે છાપાઓમાં નામ છપાય તેમાં જ રસ છે. આવા લોકો કોઇને મદદ કરવા માટે નહિ પણ યશ, કીર્તિ અને પુણ્ય કમાવા માટે દાન કરતા હોય છે.

સંસ્કૃતમાં એક શ્લોક છે, 'દેશે કાળે પાત્રે ચ તદ્દાનં સાત્ત્વિકં શ્રુતમ. એટલે કે દેશ, કાળ અને યોગ્ય પાત્રને કરેલું દાન સાત્ત્વિક હોય છે. કુપાત્રને કરેલું દાન વ્યર્થ જાય છે. યોગ્ય વ્યક્તિને જો દાન કરવામાં આવે તો તેનો ઉપયોગ યોગ્ય જગ્યાએ થાય છે. અમુક ધાર્મિક સંસ્થાઓને કે મંદિરોમાં કરેલા દાનનો ઘણીવાર દુરૂપયોગ થતો હોય છે. દાન કરવામાં આવે તો તેનો ઉપયોગ યોગ્ય જગ્યાએ થાય છે. અમુક ધાર્મિક સંસ્થાઓ કે મંદિરોમાં કરેલા દાનનો ઘણીવાર દુરૂપયોગ થતો હોય છે. દાન કરવાવાળાને તેની ખબર હોવા છતાં તેઓ તેમને દાન કરતાં હોય છે. તેમનું માનવું હોય છે કે આપણે દાન કર્યું એટલે આપણને પુણ્ય મળી ગયું. પછી તે દાનના રૂપિયા કયાં જાય છે અને કયાં વપરાય છે તે આપણે શું જોવાનું?'

આપણા દેશમાં તો લોકો પાસેથી દાન સંબંધી આડ વાત કહેવાની ઇચ્છા રોકી શકતો નથી. આપણા દેશમાં તો લોકો પાસેથી દાન પડાવવાનો ધંધો ખૂબ જ સલુકાઇથી ચાલે છે. એનજીઓની સ્થાપના કરી જાતજાતના પ્રોજેક્ટ દ્વારા સરકારમાંથી અને પરદેશમાંથી રૂપિયા અને ડોલર મેળવવા અને તેને પોતાના લાભમાં કેવી રીતે વાપરવા તે અમુક લોકો સારી રીતે જાણે છે. જો કે બધા જ ટ્રસ્ટને દોષ દેવો વાજબી નથી. ઘણા એવા પણ ટ્રસ્ટ છે કે આવી કોઇ આર્થિક મદદ વિના પોતાનાથી થાય તેટલી સમાજસેવા કરતા હોય છે. વિનોભા ભાવેએ જયારે ભૂદાન યજ્ઞ શરૂ કર્યો ત્યારે તેઓ ગામેગામ જઇને ખેડૂતોને સમજાવીને તેમની પાસેથી જમીનો દાનમાં મેળવતાં હતા અને પછી જેની પાસે જમીન ન હોય તેવા જરૂરિયાત મંદ લોકોને આપતા હતા, તેમના આ ભૂદાન યજ્ઞમાં ઘણા નાના ખેડૂતોએ પણ પોતાની જમીન દાનમાં આપી હતી.

આપણે બધા એવું માનતા હોઇએ છીએ કે દાન તો જેની પાસે રૂપિયા હોય તે જ કરી શકે. પૈસાદાર વ્યક્તિ જ બીજાની મદદ કરી શકે. શું આ માન્યતા સાચી છે? જો આ માન્યતાને આપણે સાચી માનતા હોઇએ તો ચીનની 'લોઉ જીન્હઆના'ની વાત જાણવા જેવી છે. ચીનના એક સમાચાર પત્ર 'યાંઝાઓ મેટ્રો ડેઇલી' એ અઠયાસી વર્ષની લોઉંની સ્ટોરી છાપી હતી. લોઉં રસ્તા પર કચરો વીણીને પોતાનું ગુજરાન ચલાવનારી સામાન્ય સ્ત્રી છે. તેણે અત્યાર સુધીમાં કચરામાં ફેંકી દેવાયેલા ત્રીસ જેટલા બાળકોને તેના પતિની મદદથી બચાવ્યા છે. એટલું જ નહિ તે બાળકોમાંથી છ બાળકોને પોતે ઉછેરીને મોટા કર્યાં છે અને બાકીના બાળકોને સગા સંબંધીઓ અને ઓળખીતાઓને સોંપ્યા છે.

લોઉંનો પતિ સત્તર વર્ષ પહેલાં ગુજરી ગયો છે. લોઉ પોતે હાર્ટ અને કિડનીની બીમારીથી પીડાય છે. તેની આ ભલમનસાઇ અને ઉદારતાના કારણે સમાજમાં તેની એક ઓળખ ઊભી થઇ છે જેના લીધે તેની મદદ માટે અનેક સંસ્થાઓ અને અનેક લોકો આગળ આવ્યા છે. પોતે ગંભીર રીતે બીમાર હોવા છતાં લોઉં તેણે દત્તક લીધેલા બાળકોની ચિંતા કરે છે. તે આ બાળકોને સારી રીતે ભણાવવા માગે છે. કેમ કે ગરીબીના કારણે તે પોતાના ત્રણ સંતાનોને ભણાવી શકી ન હતી. લોઉંની આ ઉદારતાએ તેને દેશ અને દુનિયામાં નામના અપાવી છે.

દાન ફક્ત પૈસાનું જ હોતું નથી. કોઇ રૂપિયાનું દાન આપે છે, કોઇ સમયનું દાન આપે છે, કોઇ માલ-મિલ્કતનું દાન આપે છે તો કોઇ ઉદારતા, નિષ્ઠા અને પ્રામાણિકતાનું દાન આપે છે. જેને આપવું જ છે કે બીજાને મદદ કરવી જ છે તેને કોઇ બહાનાની જરૂર નથી. ઉદાર વ્યક્તિ તેને જ કહેવાય કે જે થોડામાંથી થોડું આપીને બીજાને મદદ કરવા હંમેશા તત્પર હોય, સમૃદ્ધ એ વ્યક્તિ નથી કે જેની પાસે અઢળક ધન-દોલત છે, જેની પાસે કરૂણા, મમતા, મદદની ભાવના અને ઉદારતા હોય તે દુનિયાની સૌથી સમૃદ્ધ વ્યક્તિ છે. બીજાનું દુઃખ અને આપવાનું સુખ તે જ વ્યક્તિ સમજી શકે છે.

# વડાપ્રધાનપદનો તાજ કોના શિરે મૂકવો?

## સમયનાં પ્રતિબિંબ

*- ડંકેશ ઓઝા*

ભારતમાં લોકશાહીનું જે સ્વરૂપ છે તેમાં બ્રિટનની માફક વડાપ્રધાનનું પદ અત્યંત મહત્ત્વનું છે. અમેરિકામાં રાષ્ટ્રપતિનું પદ મહત્ત્વનું છે. આ ચૂંટણી પહેલી એવી ચૂંટણી છે જેમાં ભારતીય જનતા પક્ષે પોતાના વડાપ્રધાનનો ઉમેદવાર પહેલેથી જાહેર કરી દીધો છે. સામાન્ય પણે પરંપરા એવી છે કે ચૂંટાયેલા પ્રતિનિધિઓમાંથી બહુમતિ ધરાવતું જૂથ પોતાનો નેતા નક્કી કરે જેની વડાપ્રધાન તરીકે રાષ્ટ્રપતિ સોગંધવિધિ કરાવે, કોંગ્રેસપક્ષે પોતાનો વડાપ્રધાનનો ઉમેદવાર ઔપચારિક રીતે જાહેર કર્યો નથી, પરંતુ સામાન્ય છાપ એવી છે કે કોંગ્રેસ પક્ષના ઉપપ્રમુખ રાહુલ ગાંધી, જો કોંગ્રેસને બહુમતિ મળે તો, વડાપ્રધાન પદે આરૂઢ થશે.અત્યારે સ્થિતિ એવી છે કે કોઈ એક રાજકીય પક્ષને સંપૂર્ણ બહુમતિ મળે તેમ નથી. તેથી જ યુપીએ અને એનડીએમાં કોણ કોણ જોડાશે તેની ગણતરીઓ મૂકાય છે.

વડાપ્રધાન થવા બીજા પણ ઘણા થનગની રહ્યા છે. અણ્ણા હજારેએ મમતા બેનર્જીને વડાપ્રધાનપદના સારા ઉમેદવાર ગણાવ્યા છે. જલલલિતા ત્રીજા મોરચના વડા તરીકે વડાપ્રધાન બને એવા અહેવાલો પ્રગટ થતા રહે છે. માયાવતી પોતે માને છે કે પોતે વડાપ્રધાન પદના યોગ્ય ઉમેદવાર છે. નરેન્દ્ર મોદી કહે છે તે મુજબ નીતિશકુમારને વડાપ્રધાનપદનાં સપનાં આવે છે. વડાપ્રધાન થવું કોને ન ગમે? પરંતુ તે માટે જરૂરી એવી બહુમતિ કોણ ઊભી કરી શકશે એ વધારે મહત્ત્વનો સવાલ છે. કહેવાયું છે કે જો જીતા વો હી સિકંદર!

આપણા પહેલા વડાપ્રધાન જવાહરલાલ નહેરૂ હતા. તેમણે લાંબો સમય પદ સંભાળ્યું. આજે પણ આપણે ચર્ચાઓ કરીએ છીએ કે સરદાર વધુ યોગ્ય વડાપ્રધાન પુરવાર થયા હોત. ગાંધીએ નહેરૂને વારસદાર ગણાવીને સરદારને અન્યાય કર્યો છે એવા મુદ્દા પણ ઉછાળવામાં આવે છે. નહેરૂએ પંચવર્ષીય યોજનાઓ, પંચશીલ, બીજજોડાણવાદી નીતિ વગેરે દ્વારા વગેરે દ્વારા અને ઉદ્યોગો શિક્ષણ વગેરેને આગળ કરીને મજબૂત રાષ્ટ્રનો પાયો નાખેલો.

જો કે 'હિન્દી ચીની ભાઈ ભાઈ' જેવા ભાવનાશાળી સ્વપ્નોમાં રાચતા નહેરૂની ઊંઘ એ જ ચીને હરામ કરી દીધી, ૧૯૬૨માં ભારત પર હુમલો કરીને. નહેરૂને છેક સુધી કળ ન વતી, પોતાના સ્વપ્નોને ચૂરચૂર થતાં જોતાંજોતાં તેઓ ગયા.

પછી આવ્યા લાલબહાદૂર શાસ્ત્રી. તેમણે સાદગી, પ્રામાણિકતા અને નિષ્ઠા પ્રગટ કર્યા. 'જય જવાન જય કિસાન' જેવું સૂત્ર આપી સંગીન કૃષિ અને મજબૂત સૈન્યની વાત કરી. કટોકટીની પળે દેશ માટે અઠવાડિયામાં એકવાર ઉપવાસ કરવાનું શરૂ કર્યું. જેનો અમલ આજે પણ કેટલાક રાષ્ટ્રભક્ત નાગરિકો કરે છે. તાસ્કંદ મંત્રણા દરમિયાન રહસ્યમય સંજોગોમાં રશિયાની ભૂમિ પર તેમનું અવસાન થયું.

પછી આવ્યા ઈન્દિરાજી. સિન્ડીકેટના સિનિયર નેતાઓ 'ગુંગી ગુડિયા'ને આગળ રાખીને પોતાની મનમાની ચલાવતા ઈચ્છતા હતા. તેઓ ખોટા પુરવાર થયા. બેંકોનું રાષ્ટ્રીયકરણ અને ગરીબ નીતિ તથા બાંગ્લાદેશના સર્જનથી પાકિસ્તાનને ખોખરૂં કરવામાં તેમની મુત્સદી પ્રગટ થઈ રહી. પરંતુ છેલ્લે દેશની લોકશાહીને વ્યક્તિગત સ્વાર્થ માટે ગળે ટૂંપો દેતા તેઓ ન અચકાયાં અને નહેરૂવંશને એક કાળી ટીલી લાગી ગઈ! પોતાના અંગરક્ષકોના હાથે, 'ઓપરેશન બ્લ્યુ સ્ટાર'ના કારણે તેઓ મોતને વર્યાં.

મોરારજી દેસાઈ નહેરુ પછી તરત જ વડાપ્રધાનપદના યોગ્ય દાવેદાર હતા પરંતુ તેમની અનાવિલ અકડાઈને કારણે તેઓ સદાય બાજુ પર હડસેલાતા રહ્યા. ઈન્દિરાજીએ નાણામંત્રી તરીકે તેમણે કાઢી મૂક્યા ત્યારે તેમનું કલાસિક વિધાન આજેય લોકજીભે છે : 'મને રીંગણા બટાટાની જેમ ફેંકી દીધો.' દેશની લોકશાહીને બચાવવાની જે લડત ચાલી તેના જુવાળે મોરારજીના નામ પર સહમતી પેદા કરી ને તેઓ ૧૯૭૭માં ૮૦ વર્ષની વયે વડાપ્રધાન બની શક્યા. બ્રિટીશ સમયમાં નાયબ કલેકટર તરીકે કારકિર્દીની શરૂઆત કરનાર મોરારજી સરદારના હાથ નીચે ઘડાયા હતા. સારો વહીવટ, ભાવો પર નિયંત્રણ અને વિરોધ પક્ષ પ્રત્યે અથવા તો પોતાનું અને દેશનું અકલ્યાણ કરનાર પ્રત્યે જે ઉદાર અને ઉમદા વલણ મોરારજી દેસાઈએ અખત્યાર કર્યું તે બેમિસાલ છે.

ચરણસિંહ, વિશ્વનાથ પ્રતાપસિંહ, ચંદ્રશેખર, ઈન્દ્રકુમાર ગુજરાલ અને એચ.ડી. દેવગૌડા એવા વડાપ્રધાનો છે જેમનો કાર્યકાળ ટૂંકો છે અને બહુ મોટી છાપ તેઓ છોડી શક્યા નથી.

રાજીવ ગાંધી દેશને કોમ્પ્યુટર યુગમાં લઈ ગયા. સામ પિત્રોડા જેવા ટેકનોક્રેટોની સહાયથી જાતજાતનાં મિશનો દ્વારા તેમને ટેકનોલોજી થકી વિકાસની ઝડપ વધારી મુકી. શ્રીલંકામાં આઈ.પી.કે.એફ એટલે શાંતિદળો મોકલવાની બાબતે તેઓ થાપ ખાઈ ગયા અને તમિળ ઉગ્રવાદીઓનો જ ભોગ બન્યા.

નરસિંહરાવ બહુમતિ ન હોવા છતાં પુરી ટર્મ સરકાર ચલાવી શક્યા. પરંતુ બાબરી મસ્જિદની ઘટના માટે જવાબદાર ઠર્યા. મનમોહનસિંહનો બ્યુરોક્રસીમાંથીરાજકારણમાં લાવનાર નરસિંહરાવ. નરસિંહરાવ ઓછું બોલતા પણ સાંસદોની ખરીદીના કુંડળામાં તેમનો પગ પણ પડી ગયો. મનમોહનસિંહ વ્યક્તિગત રીતે નિષ્ઠાવાન પરંતુ એક દાયકો વડાપ્રધાન પદે રહેવા છતાં તેમને પક્ષે ઉધાર બાબતો વધુ બોલશે એવી તેમની કામગીરી રહી.

અટલબિહારી બાજપેઈ અત્યંત પ્રવાહી સ્થિતિમાં ભાજપનાં હોવા છતાં એનડીએને એકજૂટ રાખીને કાર્યકાળ પૂરો કરી શક્યા, એ વપ સિદ્ધિ લેખાય. દેશની સંસ્કૃતિને વફાદાર રહીને પાકિસ્તાન સાથેનાં સંબંધો સુધારવાનો નિષ્ઠાપૂર્વકનો પ્રયાસ તેમને સફળતા ન અપાવી શક્યો. ઐતિહાસિક રીતે બાજપેઈનું વડાપ્રધાન થવું અને સફળતાપૂર્વક કાર્યકાળ પૂર્ણ કરવો એ આજના ભાજપની દાવેદારીનું ફાઉન્ડેશન પુરવાર થઈ રહ્યું છે. જો કે ઘણાબધા એવું પણ માને છે કે બાજપેઈનું ભાજપમાં હોવું એ એક અપવાદરૂપ કિસ્સો છે.

વડાપ્રધાનો કેવા હોવા જોઈએ? તેમની પાસે કેવી અપેક્ષાઓ હોય છે? વગેરે બાબતો અંગે જાગ્રત નાગરિકોએ ખરેખર ચિંતા અને ચર્ચા કરવી જોઈએ. કારણ કે શરૂઆતમાં કહ્યું તેમ ભારતની લોકશાહીમાં વડાપ્રધાન પદ કેન્દ્રસ્થાને છે અને મહત્ત્વનું છે. જે કોઈ દાવા કરે છે. તેમનામાં દેશને સાથે રાખીને ચાલવાની કુનેહ છે કે કેમ એ સૌથી પહેલાં તપાસવું જોઈએ. બહુપક્ષીય સરકારોનાં સમયમાં શાસન ચલાવવાનું સહેલું નથી હોતું. 'શિયાળ તાણે સીમ ભણી અને કૂતરૂં તાણે ગામ ભણી' એવું આપણે કહીએ છીએ પરંતુ વડાપ્રધાનપદની ખુરસી પર બેઠેલાને બરાબર એ સ્થિતિનો સામનો કરવો પડતો હોય છે. દેશને સાથે રાખવો એટલે વિવિધ મતમતાંતર ધરાવતા પક્ષોને સાથે રાખવા એટલું જ નહી, પરંતુ રાજયોમાં વિવિધ પક્ષો શાસન કરતા હોય ત્યારે ફેડરલ પદ્ધતિને મજબૂત રાખવી એ વધારે મોટું કામ છે. અગાઉ બહુમતી ધરાવતી

અનુસંધાન પાના.૬ પર